ગાંધીનગર સમાચાર



**સુપ્રભાતમ્‌ના લેખક શ્રી સુરેશ પ્રા. ભટ્ટ રજાઓમાં બહાર ગામ ગયા હોઈ થોડા દિવસો સુધી સુપ્રભાતમ કોલમ બંધ રહેશે. વાચકોને પડનારી તકલીફ બદલ ક્ષમા.**

**- સંપાદક**

# મસ્ત થઈને જીવો તો મીઠું ઝરણું છે જિંદગી ને નિસાસા નાખશો તો રણ છે જિંદગી

**જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી.**
**જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.**
**- મરીઝ**

●●●

પરદેશથી ફરવા આવેલ એક મુસાફર સાધુ મહાત્માની ઝૂંપડીએ જઈ ચડ્યો. સાધુની સાવ સાદી ઝૂંપડી જોઈ તેને આશ્ચર્ય થયું. ઝૂંપડીમાં માત્ર પાણીની માટલી અને પાથરણું જ હતાં. તેણે સાધુ મહાત્માને પૂછ્યું, બાપજી, તમારી પાસે બસ આટલો જ સામાન ? સાધુ મહાત્માએ પ્રતિ પ્રશ્ન કર્યો. 'તારી પાસે અત્યારે શું છે?' વિદેશી મુસાફરે જવાબ આપ્યો. 'અત્યારે મારી પાસે કંઈ જ નથી, હું તો ફરવા આવ્યો છું.' સાધુ મહાત્મા પ્રત્યુત્તર વાળતાં બોલ્યાં, 'જન્મ અને મરણ વચ્ચે ભગવાને આપેલા જીવનમાં હું પણ એક મુસાફર જ છું.'



લાગણીનો મેળો
રસિક વાળંદ

એક ફિલ્મની પંક્તિઓ છે;
'જિંદગી એક સફર હૈ સુહાના,
યહાં કલ કયા હો કીસને જાના.'
- આ જીવનબોધ સમજાઈ જાય તો ઘણું છે.

મિત્રો, જિંદગી અને જીવનનો ભેદ સમજ્યા છો ખરાં? આમ જોઈએ તો આ બંને પર્યાય જ છે. છતાં તાત્ત્વિક દૃષ્ટિએ એ બે શબ્દો વચ્ચે પાતળી ભેદરેખા છે; આ જગત સાથે આપણી જિંદગી જોડાયેલી છે. આ જગત એટલે એમાં વસનારા લોકો, સમાજ, કુટુંબકબીલો અને પરિવારજનો આવે એ બધાંની સાથે રહીને આપણે જીવન જીવવાનું હોય. વ્યક્તિ માટે તો જિંદગી અને જીવન તો સમાંતરે વચ્ચે જીવાતી હોય છે. વ્યક્તિએ વ્યક્તિએ જીવવાના તરીકે નોંખા ને ન્યારા હોય. દરેકનું જીવન કયાં એકસરખું હોય છે. બધાના જીવતરના રંગ અને ઢંગ ભિન્ન જ હોય. દરેક જણ આગવી ઢબે જ જીવતી હોય છે. જયારે જિંદગી નજીકના પરિવારજનો વચ્ચે જીવાતી હોય છે. જિંદગીમાં શાસ્ત્રો અને સમાજમાન્ય નીતિ બંધનોની મર્યાદા મુજબ જીવન જીવવાનું હોય. એટલે કે જિંદગી એક સફર - યાત્રા છે અને તેમાં આપણી જીવન રૂપી ગાડી ચાલી રહી છે.

આમ જોઈએ તો જિંદગી એક બહોળો ખ્યાલ છે, જેમાં એનક લોકો હોય જયારે જીવન એક વ્યક્તિની આગવી જણસ છે. આગવી તરાહ છે. જિંદગીનું ફલક લાંબુ છે. પણ... જીવન ટૂંકું હોઈ શકે એ શક્યતા રહેલી છે. જિંદગી આનંદસ્રોત છે. જયારે જીવન દુઃખનો દબદબો પણ હોઈ શકે. જિંદગી આનંદસ્રોત છે. જયારે જીવન દુઃખનો દબદબો પણ હોઈ શકે. જિંદગી ન્યારી છે, વિવિધતાથી ભરેલી છે. જયારે જીવન બેડોળ કાં તો બદસૂરત પણ હોઈ શકે. જિંદગી સહજ સરળ છે. પણ જીવન આકરું ને કઠણાઈથી ભરેલું હોઈ શકે. જિંદગી એટલે પારવિનાના પ્રશ્નો જયારે જીવનને એના ઉત્તરો આપવાના... આમ પહોળા પટે વિસ્તરેલી જિંદગી અને વ્યક્તિનું આગવાપણું એ જીવન.

આગવા જીવતરને ઉજાળવાની કાબેલિયત કેળવાય તો ભયો ભયો નહીં તો ઉપાધિ. જિંદગીની સફર તો સુહાની છે જ એમાં આપણે સુખદ ક્ષણો સર્જવાની છે. આમ તો જીવતર એટલે સિક્કાની બે બાજુ સુખ તો બીજી બાજુ દુઃખ, આચાર્ય વિજયરત્ન સૂરીના શબ્દોમાં, 'મસ્ત થઈને જીવો તો મીઠું ઝરણું છે જિંદગી ને નિસાસા નાખશો તો રણ છે જિંદગી.'

આપણી આજુબાજુ નજર કરીએ તો મોટે ભાગે નજીવી મુશ્કેલી, તકલીફ, અડચણ કે અભાવથી લોકો કણસતા જોવા મળે છે. પણ... મિત્રો.... આ બધું તો જીવતાં જણને હોય... મડદાંને મુશ્કેલીઓ થોડી હોય?! કંઈક અણધાર્યું ઊભું થાય ને આભ તૂટી પડ્યાનો દેકારો ગજવીએ...એ કેવું?!! વિપરિત સંજોગો સામે બાથ ભીડો.... ચિંતા છોડો નહિ તો...

'ચિંતા થી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણજ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.'

આ ચિંતા - ડાકણ તમારા હીરને હણી નાખશે... માટે મોજથી જીવો... બી-પોઝીટીવ - B positive આ કંઈ બ્લડ ગ્રુપ નથી પણ જીવનશૈલી છે. મિત્રો, આ જીવન હાથ પકડીને ચાલવા પૂરતું નથી. પણ પકડેલો હાથ ન છોડવો એ જીવન છે... એટલે જ કહેવાય છે, જિંદગીને સમજવી હોય તો પાછળ જુઓ અને જિંદગીને જીવવી હોય તો આગળ જુઓ...!!

**સ્પર્શમણિ :**
આપણું જીવ્યું
કર્મોથી જાણ્યું, વર્ષોથી નહીં.
વિચારોથી જાણવું, શ્વાસોશ્વાસથી નહીં.
આપણું જીવ્યું
હૃદયની ઊર્મિઓથી જાણવું, ધબકારાથી નહીં.
જેનું ચિંતન અધિક થયું,
જેના ભાવ ઉત્તમ રહ્યા,
જેનાં કર્મો પ્રભુ પ્રીત્યર્થે થયાં
તે જ ખરું જીવ્યો!

**- જે બી પ્રીસ્ટલી**
**(અનુ. ગુણવંત શાહ)**

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# શું 'વિકાસ' જ 'વિનાશ'નો પર્યાય છે?

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકામાં ટ્રમ્પ જીતે કે બાઈડન અથવા ફ્રાન્સ અલકાયદાના મુસ્લિમ આતંકીઓ પર સપાટો બોલાવી દુનિયાભરનાં અખબારોની હેડલાઈનો કબજે કરે એ કરતાં માણસને એના ઘર-પરિવાર અને પરિવેશથી વધુ અહમિયત હોવી જોઈએ. ગાંધીનગરને 'સ્માર્ટ સિટી' બનાવવા માટે એના લીલા વાઘા ઉતારવા પડશે - એ સમાચાર હૃદયદ્રાવક છે. ઘણાં વૃક્ષો કપાઈ ચૂક્યાં છે અને એથી અનેક ગણી સંખ્યામાં એ કતલખાનામાં ઠલવાઈ રહેલાં પશુઓ જેવી દયનીય દશામાં જીવી રહ્યાં છે. આજે નહીં તો કાલે એમનો વારો આવવાનો છે તે નક્કી છે. હમણાં થોડાક જ દિવસો કે મહિનાઓ દરમિયાન જેમનો વધ થવાન છે એમનાં થડ પર તો નિશાનીઓ પણ ચિતરાઈ ચૂકીછે. વૃક્ષો પૃથ્વીનાં ફેફસાં છે એ સુનિશ્ચિત થયા પછી પણ માનવી એમના પ્રત્યે કસાઈ જેવી જ તટસ્થ ક્રૂરતા કેળવતો અને અમલમાં મૂકતો રહ્યો છે. એ પોતાની સુવિધા અને અનુકૂળતા મુજબ એમને વાવે છે, ઉછેરે છે, સાચવે છે અને કાપી પણ નાખે છે. વૃક્ષ તો પરોપકારી સંત જેવું છે. એ પથ્થર મારનારને પણ ફળ આપે છે. ગાંધીનગર મૂળે તો આસપાસનાં ગામડાં ભાંગીને રચાયેલું પાટનગર છે. એ ખંડિત ગામડાં આટલાં વર્ષો પછી પણ ઊના લાય નિસાસા નાખી રહ્યાં છે. ખેડૂતો જમીન ગુમાવી દીધા પછી મરવાનાં વાંકે જીવતા રહ્યા અને સરકાર માબાપ સામે ઓશિયાળી નજરે રહેમનજરની આશા રાખતા રહ્યા. એમનું પેટ પાળતી જમીનો પર આલીશાન સરકારી મહાલયો બંધાયાં જયાં સામાન્ય રોજમદાર કે પટાવાળાની નોકરી માટે પણ એ જમીનોના મૂળ માલિકો - અસલી 'ધરતીનાં છોરું' વલવલતાં અને ધલવલતાં રહ્યાં છે. નેતાઓ અને નોકરશાહોના કડપ હેઠળ સકંજાઈ ગયેલી ભોમકાને એક માત્ર આશ્વાસન હતું એને ઓઢાડવામાં આવેલી લીલી રજાઈનું. એ લીલી રજાઈના વિકાસના નામે લીરા ઊડી રહ્યા છે અને હવે ગાંધીનગર પણ ગુજરાતનાં બીજાં શહેરો જેવું સિમેન્ટ ક્રોકીંટનું જંગ બનવા ભણી અગ્રેસર થઈ રહ્યું છે. સરકાર અને તંત્રવાહકો માટે વિકાસ કાર્યક્રમો તિજોરીઓ તર કરવાનું રળિયામણું બહાનું જ હોય છે. ગાંધીનગરવાસી નાગરિક ને એવા વિકાસથી કશો લાભ નથી થવાનો. એને તો જે લીલોછમ શુદ્ધ-વિશુદ્ધ ઓઝોન અને ઓક્સિજન ઉપલબ્ધ હતો એની જ ઊણપ વરતાશે. નદીઓ પર ડેમ બાંધીને પીવાના પાણીની કે સિંચાઈની સુવિધા ઊભી કરવાની થિયરી સ્વીકારીએ છીએ પરંતુ પછી સૂકી ભંઠ સાબરમતીમાં નર્મદાનાં જળ ઠાલવીને સી-પ્લેન ઉડાવવાના વૈકલ્પિક કારસા કરવા પડે છે. ગાંધીનગરની લીલી ઓઢણી ચીરી નાખીને એક રૂપકડી રાજધાની સાથે જે છેડતી થઈ રહી છે. એની સામે પુણ્યપ્રકોપ ઠાલવનારું શોધ્યું જડતું નથી. એક પ્રદૂષણમુક્ત પાટનગરની ઓળખ અળપાઈ રહી છે - તે પણ વિકાસના રૂપકડા બૅનર હેઠળ. શું વિકાસ એ વિનાશનો જ પર્યા છે? જરા થોભો અને વિચારો.

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે પુષ્પો : વનોની વનસ્પતિ...
- (ઉમાશંકર)

# વિટામિન - કે વિષે આટલું જાણો

ગતાંકે આપણે વિટામિન- ઈ વિષે વિસ્તૃત માહિતી મેળવી. આજે આપણે વિટામિન-કે વિષે જાણીશું.

વિટામિન-કે એ અમુક વિટામીનોનું ગ્રુપ છે જેમાં વિટામિન-કે-૧ (ફાઈલોકવિનોન) અને વિટામિન-કે-૨ (મેલાકવિનોન), આ બંને વિટામિન ખૂબ અગત્યના છે. બીજા બધા વિટામિનોની સાપેક્ષે વિટામિન-કે ની ગણના ડાયેટ સપ્લીમેન્ટ તરીકે ઓછી રહેલી છે, પણ શરીરમાં વિટામિન-કે ની અગત્યતા ખૂબ જ છે




વિટામિન-કે નું મુખ્ય કાર્ય છે બ્લડ ક્લોટિંગ કરવાનું . એટલેકે વિટામિન-કે એ રક્ત સ્તંભક છે. શરીરમાં જયારે વધારે પડતું બ્લીડીંગ એટલે કે રક્તસરાવ થતો હોય ત્યારે ડોકટરો દ્વારા વિટામિન-કે આપવામાં આવે છે. વયસ્કોમાં વિટામિન-કે ની ઊણપ ભાગ્યે જ જોવા મળે છે, જયારે નવજાત શિશુઓ માં સામાન્ય રીતે વિટામિન-કે ની ઊણપ હોય છે આથી જન્મ પછી બાળકને તરત વિટામિન-કે નું ઈન્જેક્શન આપવામાં આવે છે.



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

વિટામિન-કે -૧ એ લીલા શાકભાજી જેવાકે પાલક, બ્રોકોલી, કીવી આદિમાં થી મળે છે જ્યારે વિટામિન - કે-૨ એ પ્રાણીજ દ્રવ્યો જેવાકે માણસ, ઈંડા આદિ માંથી જ મળે છે.

વિટામિન-કે ની નિયત દૈનિક જરૂરિયાત એ ૯૦ થી ૧૨૦ માઈક્રોગ્રામ જેટલી છે જે સામાન્ય રીતે ખોરાક મારફતે મળી રહે છે.

(મો).૯૮૭૯૪૭૧૧૪૭

# જીવનના દરેક ક્ષેત્રમાં સંપૂર્ણતાનો આગ્રહ છોડી દેવાથી જીવન તરત જ સંપૂર્ણ લાગવા લાગે છે

અત્યારના સમયમાં દરેક ક્ષેત્રમાં વર્તાતી તંગદિલી ને ધ્યાનમાં રાખીને જીવનમાં Stress મેનેજમેન્ટ માટેની સૂક્ષ્મ બાબતો પર અહીં ચર્ચા કરી રહ્યા છીએ. રીચાર્ડના કાર્લસન લોકપ્રિય પુસ્તક 'Do not sweat the small stuff' ના આગળના પ્રકરણો પણ અત્યંત મનોવૈજ્ઞાનિક અને રસપ્રદ છે.



અબીલ-ગુલાલ
મમતા રાવલ

ગયા લેખમાં નાની બાબતો ને વધુ પડતું મહત્વ આપીને પોતાની શાંતિ અને શક્તિ નહીં વેડફવાની લેખક દ્વારા સલાહ અપાઈ હવે આગળ...

આપણે સહુ પ્રવૃત્તિમય જીવન જીવવા ટેવાયેલા છીએ. દરેક પ્રવૃત્તિ સાથે સમય-ઊર્જા અને પૈસાનું રોકાણ થતું હોય છે, શક્તિ ખર્ચાતી હોય છે. આ ખર્ચ વિશે શાંતિથી વિચારીએ. કે જે પ્રવૃતિ આપણે કરી રહ્યા છીએ એ ખરેખર ઉપયોગી, કામની અથવા તો લાંબાગાળાનું પરિણામ લાવનારી છે ખરી ? જે તે પ્રવૃત્તિ લક્ષ્યથી નજીક લઈ જનાર છે ? જાતે જ આવા પ્રશ્નો પૂછવાથી કામની અને નકામા ની કેટેગરી ની પ્રવૃત્તિ ડિફાઈન થઈ જશે.

પ્રસિધ્ધ અને સફળ લેખક સ્ટીફન કોવીએ ટાઈમ મેનેજમેન્ટ નું મેટ્રીકસ આપ્યું છે. એમાં કરાયેલા કેટેગરાઈઝેશન પ્રમાણે Urgent અને Important ના ચાર પેટા વિભાગ પાડવામાં આવ્યા છે.

(૧) Urgent & Important

ઉદાહરણ તરીકે આકસ્મિક બિમારીના સંજોગો, ડોક્ટરની મુલાકાત કહી શકાય.

(૨) Not Urgent but Important

ઉદારણ તરીકે સ્વવિકાસ, સ્વસુધારની તમામ પ્રવૃત્તિઓ જે ભલેં ર્પ્રીહં નથી પરંતુ ઈમ્પોર્ટન્ટ ચોક્કસ છે. વાંચન,લેખન, ઈટીર્જિજી વગેરે ઘણી બાબતો આ કેટેગરીમાં આવે છે.

(૩) Urgent & Not Important

ઉદાહરણ તરીકે સતત રણકી રહેલો ફોન ઉપાડવો. શક્ય છે એ ફાલતુ હોઈ શકે.

(૩) No Urgent – No Important

ટોળટપ્પા, નકામી ચર્ચાના ભાગ બનવું, બીનજરૂરી ફોન કોલ્સ, પાર્ટી-મેળાવડા

સ્ટીફન કોવીએ દર્શાવેલી આ કેટેગરીને સમજીને જીવનમાં ઉપયોગમાં લેવાય તો પ્રવૃત્તિઓ નું મહત્વ નક્કી કરવામાં સરળતા રહે છે. સમગ્ર જીવનના તમામ ફલકો જેવા કે અંગત, સામાજીક, વ્યવસાયિક, અધ્યાત્મિકને આવરી લઈ નિર્ણયો લેવાથી જીવનમાં તાણનું પ્રમાણ નું ઘટે છે. જીવનની અને કાર્યની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો દેખાય છે.




તાણ ઘટાડવાનો બીજો રામબાણ ઈલાજ અપૂર્ણતા સાથે સમાધાન કરવાનો છે. Perfect હોવું અને Perfectionist હોવું એ બંન્ને ખૂબ અલગ બાબતો છે. ધ્યાનથી વિચારીએ તો સમજાશે કે સંપૂર્ણતાનો આગ્રહ અને અંદરની શાંતિની ઈચ્છા બે વિરોધી બાબતો છે. સતત આપણું ધ્યાન બીજાની ખામી તરફ જ જાય, અને એને સુધારવા માટે તત્પર થઈ જવાય એ પરફેકટનીસ્ટની નબળાઈ છે જેનાથી અસંતોષ અને દુઃખ જ પ્રાપ્ત થાય છે. અમુક વસ્તુ, અમુક રીતે જ હોવી જોઈએ એવો આગ્રહ કે માન્યતાને કારણે આપણે પહેલેથી જ સંઘર્ષ વ્હોરી લઈએ છીએ. અવ્યવસ્થિત કબાટ, ગાડી પરનો લીસોટો, બીજાનો દેખાવ-વર્તણૂંક કે જીંદગી જીવવાની રીત એ બધામાં આપણું ધ્યાન અપૂર્ણતા પર જ રહેતું હોવાથી આપણે શાંતિ અને સારપ ચૂકી જઈએ છીએ. અણગમા અને ગુસ્સાથી મન અશાંત થઈ જાય છે.

હું મારા કાર્યો-આયોજનોને પરફેકટ કરવાની ચીવટ રાખું, એના માટે મથામણ કરું અને મેળવું. આ પરફેકટ થવું છે. પરંતુ આપણી સાથે સંકળાયેલા તમામ લોકો, આપણે જેને પરફેકટ માનીએ છીએ એમ જ કરે એવી ઈચ્છા રાખવી એ પરફેકટનીસ્ટ નું લક્ષણ છે. સ્ટ્રેસના આવા કારણો તરફ આપણું ધ્યાન જતું નથી. આનો અર્થ એ નથી કે બધું સારી રીતે ન કરવું અથવા એમાં સુધાર લાવવાનો પ્રયત્ન ન કરવો પરંતુ જે થોડું ખામીવાળું કે અપૂર્ણ છે એના પર ધ્યાન આપીને દુઃખી થયા કરવું કે કર્યા કરવું એનાથી કોઈ ફાયદો નથી. જીવનની અનેક બાબતો, ઘટનાઓ, સંજોગો કે માણસો પર આપણો અંકુશ નથી હોતો. આપણે પરફેકટ હોવા છતાં ધાર્યું પરિણામ પ્રાપ્ત ન થાય એવું પણ શક્ય છે. આ બાબતને બરાબર સમજી અને સ્વીકારી લેવાથી માનસિક તાણથી બચી શકાય છે. આપણે નક્કી કરી લેવાનું છે કે હું અન્યોનું ધ્યાન દોરીશ માત્ર. Try to be Perfect, Don`t be Perfectionist. જીવનના દરેક ક્ષેત્રમાં સંપૂર્ણતાનો આગ્રહ છોડી દેવાથી જીવન તરત જ સંપૂર્ણ લાગવા લાગે છે.

સામાન્ય લાગતી અદભૂત બાબતો માટે અમેરીકન લેખક રીચાર્ડ કાર્લસન, અનુવાદક ઈશ્વરભાઈ પટેલ, વિશ્લેષક અને વક્તા સુરેશભાઈ પટેલનો આભાર.

# બાંકડા સાંભળે છે, નવનીતલાલની કવિતા!

આજે તો નવનીતલાલ સૌથી પહેલાં આવી ગયા છે. હાથમાં તાજી લખેલી કવિતા હવામાં ફરફરી રહી છે. ત્યાં કરશનભાઈ આવે છે.

કરશનભાઈઃ-ઓહો ! નવનીત તું આજ સૌથી પહેલો આવી ગયો છે ? નવી કવિતા લખી છે કે શું ?

નવનીતલાલઃ- હા, લખી છે તો ખરી, પણ બધા આવે પછી સંભળાવું.

કરશનભાઈઃ- શેના ઉપર લખી છે ? નવનીતલાલ : અત્યારે કોરોના ચાલે છે એટલે કોરોનાના જ વિચારો આવ્યા કરે છે. પછી કોરોનાની કવિતા લખાઈ ગઈ.



મનના ઉમંગો
રણછોડ પરમાર

એટલામાં પ્રસન્નભાઈ અને દર્શનભાઈ આવે છે.

પ્રસન્નભાઈ : ઓહો ! હું આ શું જોઈ રહ્યો છું ? નવનીતલાલ સૌથી પહેલા આવી ગયા છે ? આજે સવારના જ પહોરમાં જ કવિતા સાંભળવી પડશે. મારું તો ઠીક પણ આ દર્શનભાઈ પાછા વધારે દુખી થઈ જશે.

દર્શનભાઈઃ ખરી વાત છે. મેં જો દૂરથી આ કવિશિરોમણીને જોયા હોત તો પાછો જ વળી જાત.

નવનીતલાલઃ અરે રે ! દર્શનભાઈ, શું મારી કવિતા એટલી બધી ત્રાસદાયક હોય છે ?

કરશનભાઈઃ અને દરશનભાઈ, ભલે ગમે એટલી ત્રાસદાયક હોય તોય આવું થોડું કહેવાય ખરું ? જુવો આ અમે કંઈ કહીએ છીએ ? કેમ પ્રસન્ન ભાઈ બોલતા નથી.



પ્રસન્નભાઈઃ હું શું બોલું ? નવનીતભાઈ આપણા મિત્ર છે, એમને કવિતા કહેતાં આપણાથી થોડા અટકાવાય ? સુખે-દુઃખે સાંભળી લેવાની યાર ! બહુ બહુ તો એક ચા વધારે પીવી પડે બીજું શું ?

દર્શનભાઈઃ હશે ભાઈ ત્યારે, ચાલો સાંભળીશું. પણ બીજા મિત્રો કેમ દેખાતા નથી ?

એટલામાં હર્ષદભાઈ અને પરવતભાઈ આવે છે.

હર્ષદભાઈ : ઓહો ! નવનીતભાઈ આવી ગયા છે ને ? કવિતા પતી ગઈ ? જો પતી ગઈ હોય તો ચા મંગાવો યાર ! બરાબર ને પરબતભાઈ ?

પરબતભાઈ : હાસ્તો, કવિતા સેશન પતી ગયું હોય તો ચા મંગાવો. અમારે તો ઠીક પણ આ ત્રણ જણાને માથું પકડાઈ ગયું હશે; નહીં નવનીતલાલ ?

નવનીતલાલ (એકદમ ઊભા થઈ જાય છે): જો મારી કવિતાથી તમને આટલો બધો ત્રાસ થતો હોય તો હું તો આ ચાલ્યો. મારે તમારી ચા બા કંઈ પીવી નથી.

કરશનભાઈ : અરે ઓ નવનીતભાઈ, એમ કંઈ ભાગી જવાતું હોય ? તમે આટલી મહેનત કરીને એક કવિતા લખી હોય અને કોઈને સંભળાયા વગર જતા રહો એ કંઈ બરાબર કહેવાતું હશે ? આ તો બધા તમારા મિત્રો છે, એ અમસ્તી મજાક કરતા હોય. એમાં કંઈ ખોટું થોડું લગાડાય ?

દર્શનભાઈઃ હા, હા, અમારી વાત ઠીક છે પણ આ બિચારા અબ્દુલનો તો વિચાર કરો.

નવનીતભાઈઃ- જુવો કરશનભાઈ, જુવો આ દર્શન દુખિયો કેવું બોલે છે ? પછી મારે જતા જ રહેવું જોઈએ ને ?

કરશનભાઈ : અરે ભાઈ દર્શન. તું શું કામ કવિને દુઃખી કરે છે ? જે સમાજ કવિને દુઃખી કરે છે એ સમાજનો નાશ થાય છે. હર્ષદભાઈઃ- હા, હા. કમસેકમ આપણે સમાજનો નાશ થતો અટકાવવા પણ નવનીતભાઈની કવિતા સાંભળવી જોઈએ.

કરશનભાઈ : બસ, એ જ તો હું કહેવા માંગતો હતો, નવનીતભાઈ તમે બેસો. શાંતિથી કવિતા સંભળાવો. અને ભાઈઓ, તમે વચમાં કશી ડબડબ કરતા નહીં. પહેલાં કવિતા શાંતિથી સાંભળી લો. છેલ્લે જે કહેવું હોય તે કહેજો.

હર્ષદભાઈઃ હા, હા. નવનીતભાઈ, તમતમારે આંખો મીંચીને ચાલુ કરો.

નવનીતલાલઃ કેમ આંખો મીંચીને ? પછી હું વાંચું કેવી રીતે ?

હર્ષદભાઈ : એ તો એક સંગીતકારનો જોક્સ યાદ આવી ગયો, પણ કરશનભાઈએ વચમાં ડબડબ કરવાની ના પાડી છે. એટલે તમે વધુ વિચાર કર્યા વગર કવિતા ચાલુ કરો.

નવનીતલાલ પાછા બેસે છે. એક ખોંખારો ખાય છે અને કવિતા કહેવાનું શરુ કરે છે.

નવનીતલાલઃ આ કવિતા મેં નવરાત્રિમાં લખી હતી. ગુજરાતની નારી અંબામાની પૂજા કરતાં કરતાં માતાજીને અરજ કરતી હોય એવો એનો ભાવ છે. સાંભળો...

તને પૂજી પૂજીને હું તો થાકી,
કોરોના કેમ જાતો નથી ?
તને સમરી સમરીને જીભ થાકી,
કોરોના કેમ જાતો નથી ?
જયારે શિયાળાના ધારદાર મહિના આવ્યા,
એણે ભરતભૂમિમાં ભીંસ ભાખી, કોરોના કેમ જાતો નથી ?
એવા ઉનાળાના ચાર ચાર મહિના વીત્યા,
એણે ખૂણે ખૂણામાં આગ નાખી, કોરોના કેમ જાતો નથી ?
એવા ચોમાસાના ચાર ચાર મહિના વીત્યા,
એક આંખને ના કોરી રાખી, કોરોના કેમ જાતો નથી ?
એવા નોરતાના નવ નવ દહાડા આવ્યા,
એણે તારીયે મલાજ ના રાખી, કોરોના કેમ જાતો નથી ?
તને પૂજી પૂજીને હું તો થાકી,
ભૂવા-જોષીઓએ ચૂપકીદી સાધી,
જૂગજૂની ભ્રમણાઓ બધી ભાંગી
કોણ કહેશે ગબ્બરવાળી સાચી ? કોરોના કેમ જાતો નથી ?

બધા એકી અવાજે "વાહ વાહ વાહ વાહ" બોલી ઊઠે છે. દર્શનભાઈ તો આનંદથી ભેટી પડે છે. એટલીવારમાં અબ્દુલે ચા તૈયાર કરી દીધી. એ બધાને ચા આપવા માંડે છે. ચા પીતા પીતા દર્શનભાઈ બોલે છે.

દર્શનભાઈઃ વાહ, નવનીતભાઈ! આજે તમે મારી જ નહીં આપણા આખા સમાજની વેદના દર્શાવી દીધી. તમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે ! અભિનંદન, અભિનંદન, અભિનંદન. અને આજની ચા મારા તરફથી.